# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ

સા વિદ્યા યા વિમુક્તયે

સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

દ્વિતિય વર્ષ

C/o. શ્રી વીરબાઇ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

## [સમ્યગ્જ્ઞાન પરિચય] અભ્યાસ- ૬

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **સુશ્રાવકવર્ય શ્રી રાયચંદભાઇ હંસરાજ ધરમશી કચ્છ સુથરી હાલ-વરલી**

# સ્તોત્ર-અર્થ રહસ્ય

## ૨. અજિત-શાંતિ સ્તવ (ચાલુ)

**લલિઅયં (લલિતક ) છંદ**

**તિત્થવરપવત્તયં તમ રય રહિયં,**
**ધીરજણથુઅચ્ચિઅં ચુઅકલિ કલુસં;**
**સંતિ સુહપ્પવત્તયં તિગરણપયઓ,**
**સંતિમહં મહામુણિં સરણમુવણમે. લલિઅયં..........૧૮**

**કિસલયમાલા છંદ**

**વિણઓણયસિરિરઇ અંજલિરિસિગણસંથુઅં થિમિઅં,**
**વિબુહાહિવ ધણવઇ નરવઇ થુયમહિઅચ્ચિઅં બહુસો;**

**અઈરુગ્ગય સરયદિવાયર સમહિઅસપ્પભં તવસા;**
**ગયણંગણ વિચરણ સમુઈયચારણવંદિઅં સિરસા. કિસલયમાલા...૧૯**

**શબ્દાર્થ :-**

**તિત્થવર** -શ્રેષ્ઠ તીર્થ અર્થાત્ ચતુર્વિધ સંઘના
**પવત્તયં** -પ્રવર્તક
**તમરયરહિયં** -કર્મરૂપ રજથી રહિત
**ધીરજણથુ** -ધીર લોકોએ સ્તવેલા અને પૂજેલા
**ચુઅકલિકલુસં** -જેના કલહનું પાપ નાશ પામ્યું છે
**સંતિસુહ** -મોક્ષ સુખના
**પ્પવત્તયં** -પ્રવર્તક
**તિગરણપયઓ** - ત્રિકરણ/મન,વચન, કાયાથી પવિત્ર
**સંતિ** -શાંતિનાથ
**અહં** -હું
**મહામુણિ** -મહા મુનિને
**સરણં** -શરણે
**ઉવણમે** -જાઉં છું
**વિણઓણય** -વિનયથી નમેલા
**સિરિ** -મસ્તકમાં
**રઈઅંજલિ** -જેમણે અંજલિ રચી છે
**રિસિગણ** -ઋષિગણે
**સંથુઅં** - સ્તવેલા
**થિમિઅં** -નિશ્ચળ
**વિબુહાહિવ** -દેવતાના પતિ
**ધણવઈ** -ધનપતિ
**નરવઈ** -નરપતિ
**થુઅ** -સ્તવેલા
**મહિઅચ્ચિઅં** -પ્રણામથી અને પુષ્પોથી પૂજેલા
**બહુસો** -બહુવાર
**અઈરુગ્ગય** -તત્કાળ ઉગેલા
**સરયદિવાયર** -શરદ ઋતુના સૂર્યથી
**સમહિઅસપ્પભં** -અધિક કાંતિવાળા
**તવસા** -તપ વડે
**વિચરણ** -વિચરવાથી
**ગયણંગણ** -આકાશરૂપ આંગણામાં
**સમુઈય** -થયેલા
**ચારણ** -જંઘા વિદ્યા ચારણ મુનિઓએ
**વંદિઅ** -વંદના કરેલા
**સિરસા** -મસ્તકથી

**ગાથાર્થ :-**શ્રેષ્ઠ તીર્થ / ચતુર્વિધ સંઘને અજ્ઞાનરૂપ રજથી રહિત, સુખના પ્રવર્તક મહા મુનિ શાંતિનાથને હું મન, વચન, અને કાયાથી પવિત્ર થઈ શરણે જાઉં છું.......૧૮

વિનયથી મસ્તક્ને નમાવી અને અંજલિ જોડી રહેલા ઋષિગણે સ્તવેલા, નિશ્ચલ, દેવતાના પતિ ઇન્દ્રોએ, ધનપતિઓએ અને નરપતિઓએ સ્તવેલા, પ્રણામથી તથા પુષ્પોથી બહુ વાર પૂજેલા, તપસ્યાથી તત્કાળ ઊગેલા શરદ ઋતુના સૂર્યથી અધિક કાંતિવાળા અને આકાશરૂપ આંગણામાં વિચરવાથી એકઠા થએલા ચારણ મુનિઓએ મસ્તકથી વંદેલા....૧૯

### સુમુહં (સુમુખ) છંદ

**અસુર ગરુલ પરિ વંદિઅં, કિંનરોરગ ણમંસિઅં;**
**દેવકોડિ સય સંથુઅં, સમણસંઘ પરિવંદિઅં. સુમુહં.......૨૦**


### વિજ્જુવિલસિઅં (વિદ્યુત વિલસિત) છંદ

**અભયં અણહં અરયં અરુયં;**
**અજિઅં અજિઅં પયઓ પણમે. વિજ્જુવિલસિઅં..........૨૧**

### શબ્દાર્થ :-

**અસુર** -અસુરકુમાર
**ગરુલ** -સુવર્ણકુમાર દેવતાઓ
**પરિવંદિઅં** -વંદના કરેલા
**કિંનર** -કિન્નર
**ઉરગ** -વ્યંતર દેવોએ
**ણમંસિઅં** -નમસ્કાર કરેલા
**દેવકોડિસયસંથુઅં** -સેંકડો ક્રોડ દેવતાઓએ સ્તવેલા
**સમણસંઘ** -મુનિઓના સંઘે
**પરિવંદિઅં** -વંદના કરેલા
**અભયં** -ભય વગરના
**અણહં** -પાપ વગરના
**અરયં** -કર્મરજ વગરના
**અરુહં** -જન્મ રહિત
**અજિઅં** -નહીં જીતાએલા
**અજિઅં** -અજિતનાથને
**પયઓ** -તત્પર
**પણમે** - હું પ્રણામ કરું છું.

**ગાથાર્થ :-** અસુરકુમાર તથા સુવર્ણકુમાર દેવતાઓએ વંદના કરેલા, કિન્નર તથા વ્યંતર દેવતાઓએ નમસ્કાર કરેલા, સેંકડો કોટી દેવતાઓએ સ્તુતિ કરેલા, સાધુઓના સંઘે વંદના કરેલા, ભય રહિત, પાપ/દુઃખથી વર્જિત, કર્મરજ રહિત, જન્મ નહિ લેનારા અને નહિ જીતાએલા અજિતનાથ ભગવાનને હું તત્પર થઇ પ્રણામ કરું છું.



**દીપક પૂજા**



# શ્રી ગણધરવાદ (ચાલુ)

## છટ્ઠા ગણધર શ્રી મંડિતસ્વામી

**આધાર ગ્રંથ - શ્રી કલ્પસૂત્ર : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા. તથા સચિત્ર ગણધરવાદ : પ.પૂ. અરૂણવિજયજી મ.સા.**

વર્તમાન અવસર્પિણીના ચોથા આરામાં ભગવાન મહાવીર કરતા પણ પહેલા જન્મેલા અને ઉંમરમાં પણ ભગવાન મહાવીર કરતા મોટા અને ભગવાન મહાવીરની હયાતીમાં જ મોક્ષે જનારા છટ્ઠા ગણધર શ્રી મંડિતસ્વામી હતા. મોરીયસન્નિવેશ ગામમાં બ્રાહ્મણ જ્ઞાતિના વિદ્વાન વાશિષ્ઠગોત્રના વિપ્રવર્ય શ્રી ધનદેવના ઘરે મઘા નક્ષત્રમાં તેમનો જન્મ થયો હતો. તેમની માતા વિજયાદેવી હતી. જો કે આ વિજયાદેવીના બીજા લગ્ન હતા. પહેલા લગ્ન વિજયાદેવીના મોરીયસન્નિવેશ ગામના જ કાશ્યપ ગોત્રીય બ્રાહ્મણ મૌર્યની સાથે થયા હતા. અને મૌર્યથી તેમને એક સંતાનની પ્રાપ્તિ પણ થઇ હતી જેનું બીજું કોઇ વિશેષ નામકરણ નહોતું કરવામાં આવ્યું હતું. એટલે માત્ર મૌર્યપુત્ર નામથી જ ઓળખાતા હતા. નાની ઉંમરમાં વિધવા થયેલી નાના સંતાન વાલી વિજયા બ્રાહ્મણીના બીજા લગ્ન તેજ ગામના વાશિષ્ઠ ગોત્રના બ્રાહ્મણ ધનદેવની સાથે થયા હતા. શ્રી કલ્પસૂત્રના આઠમા વ્યાખ્યાનમાં એનો ખુલાસો એમ આપે છે કે– ''તે દેશમાં એક પતિ મરી ગયા પછી બાલ વિધવાને માટે બીજા લગ્ન કરી બીજો પતિ બનાવવાનો તે વખતે નિષેધ નહોતો.'' એમ વૃદ્ધ આચાર્યોનો મત છે. એટલે મંડિત અને મૌર્યપુત્ર બન્ને એક માતાના પુત્ર હતા. બંનેની માતા એક હતી, પરંતુ પિતા જુદા જુદા હતા, અને તેથી જ પિતાના નામે ચાલતા ગોત્રના કારણે બન્નેના ગોત્રો પણ જુદા-જુદા હતા. મંડિતનું ગોત્ર વાશિષ્ઠ અને મૌર્યપુત્રનું ગોત્ર કાશ્યપ હતું. છટ્ઠા ગણધરનું પુરૂં નામ– શ્રી મંડિત ધનદેવ વાશિષ્ઠ હતું તેઓ વેદ વિદ્યાના અઠંગ અભ્યાસી અધ્યાપક હતા. મઘા નક્ષત્રમાં તેમનો જન્મ થયો હતો. છંદ, નિઘંટુ, પુરાણ-ન્યાય વ્યાકરણ આદિશાસ્ત્રોમાં તેમની વિદ્વત્તા પ્રશંસનીય હતી અધ્યાપક તરીકે પ્રસિદ્ધ પામેલા તેમના લગભગ ૩૫૦ શિષ્યો પણ પ્રખર વિદ્વાન હતા.

સોમિલ બ્રાહ્મણે આરંભેલા મોટા યજ્ઞમાં પધારવાનું આમંત્રણ મળતા તેઓશ્રી પણ પોતાના ૩૫૦ શિષ્યો સાથે અપાપાપુરીમાં પધાર્યા હતા. અને પોતાના પહેલા પાંચ વિદ્વાન પંડિતોને ભગવાન મહાવીર પાસે જઇ શંકાનું સમાધાન કરી જૈન સાધુ બન્યાનું જાણીને તેઓ પણ પોતાની શંકાને છેદવાના ભાવથી પ્રભુ પાસે સમવસરણે પહોંચ્યા.

મંડિત નામના પંડિત પોતાના સાડા ત્રણસો શિષ્યો સહિત પ્રભુ પાસે આવે છે તેને વીર પ્રભુ કહે છે

કે, ''હે મંડિત ! તું **''સ એષ વિગુણો વિભુર્ન બધ્યતે સંસરતિવા મુચ્યતે મોચયતિવા''** આ વેદ પદોનો એવો અર્થ કરે છે કે, સત્વાદિગુણ રહિત એવો આત્મા સર્વ વ્યાપક છે, તે પુણ્યપાપ કર્મથી બંધાતો નથી, સંસારમાં પરિભ્રમણ કરતો નથી, કર્મથી મુક્ત થતો નથી તેમજ બીજાને મૂકાવતો પણ નથી. એ તારો કરેલ અર્થ બરાબર નથી. આવા અર્થથી તો તને એવી શંકા થઇ ગઇ છે કે, આત્માને કર્મથી બંધ અને કર્મથી મુક્તિ હશે કે નહિ ? સાંભળ, આ પદોનો અર્થ એવો છે કે છદ્મસ્થાદિગુણ રહિત વીતરાગ કેવળજ્ઞાની કેવળદર્શની એવો જે આત્મા જ્ઞાનથી સર્વ વ્યાપક છે તેવો આત્મા એટલે મુક્તાત્મા, તે કર્મથી બંધાતો નથી, સંસારમાં પરિભ્રમણ કરતો નથી. કર્મથી મુક્ત હોવાથી કર્મથી મુક્ત થતો નથી અને બીજાઓને મુકાવતો પણ નથી કારણ કે મુક્તાત્માઓને બીજાઓને મુકાવવા માટે ફરી અવતરવાનું હોતું જ નથી. આ વેદપદો કર્મથી સદાને માટે મુક્ત થયેલા એવા મુક્તાત્માઓનું સ્વરૂપ બતાવે છે. પરંતુ છદ્મસ્થ અવસ્થાવાળો જીવ કર્મથી બંધાય છે, સંસારમાં પરિભ્રમણ પણ કરે છે. સમ્યગ્-જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરી કર્મથી મુક્ત પણ થાય છે. અને બીજાઓને એ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં રમણતા કરાવી કર્મથી મૂકાવે પણ છે. વીર પ્રભુના આવા બોધથી સંશય નાશ પામતાં પ્રતિબોધ પામી વિનીતભાવે પોતાના સાડા ત્રણસો વિદ્યાર્થી શિષ્યો સહિત મંડિત પંડિત પ્રભુચરણે નમી પડી દીક્ષા લઇ પ્રભુના શિષ્ય થયા. અને પ્રભુ પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી.

વ્યાપક વિગુણ એવા આત્માને કર્મનો બંધ -મોક્ષ છે જ નહીં. આત્મા જેવા અનન્તશક્તિશાળીને વળી બંધ-મોક્ષ હોઇ શકે જ નહી ? આ તેમની માન્યતા વેદવાક્યો ઉપરથી દઢ થઇ ગઇ હતી. અને ભગવાન મહાવીર પાસેથી અનેક પ્રમાણો સાથે યુક્તિપૂર્વકના સમાધાન કારક ઉત્તર મળતા શંકા ટળી ગઇ. અને ૫૩ વર્ષની ઉંમરે પોતાના ૩૫૦ શિષ્યો સાથે જૈનત્વ સ્વીકારી મહાવીર પાસે દીક્ષા લીધી. સાચા અણગાર સાધુ બન્યા ભગવાન મહાવીરના શાસનમાં છઠ્ઠ ગણધર થવાનું માન પામ્યા.

ચારિત્ર લીધા પછી દ્વાદશાંગીની રચના કરી, ૧૪ પૂર્વના જ્ઞાતા બન્યા અને ૧૪ વર્ષ સુધી છદ્મસ્થ પર્યાયમાં રહીને ઉંમરના ૬૭ માં વર્ષે ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા. સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા. ૧૬ વર્ષ સુધી કેવળી તરીકે અનેક ભવ્યાત્માઓને તારી પોતાનું કુલ ૩૦ વર્ષનું ચારિત્ર પાળ્યું. ચોથા આરામાં જન્મેલા મંડિતસ્વામી ખરેખર મહાપુણ્યાઇ યોગે સર્વશ્રેષ્ઠ વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચુતરસ્ત્ર સંસ્થાનવાળુ શરીર પામ્યા હતા. શિષ્યોની પરંપરા તેમની ન ચાલી. પોતાની ૮૩ વર્ષની અંતિમ અવસ્થામાં રાજગૃહીમાં પધાર્યા અને છેલ્લે ૧ મહિનાના નિર્જલ ઉપવાસ કરી પાદપોપગમન અનશન કરી અઘાતી કર્મો પણ ખપાવીને નિર્વાણ પામી પ્રભુ મહાવીર પહેલા મોક્ષે સિધાવ્યા. સંસારનો અંત કર્યો.

## સાતમા ગણધર શ્રી મૌર્યપુત્રસ્વામી

મૌર્ય સન્નિવેશ ગામના કાશ્યપગોત્રીય બ્રાહ્મણ શ્રેષ્ઠ મૌર્યવિપ્રના ઘરે સાતમા ગણધરનો જન્મ થયો

હતો. તેમને જન્મ આપનારી રત્નકુક્ષી, માતા વિજયાદેવીએ ઉત્તમ એવા રોહીણી નક્ષત્રમાં જન્મ આપી ધન્ય ધન્ય બની ગઇ હતી. વિજયાદેવી બે સંતાનોની માતા હતી તેમાં પ્રથમ મૌર્યપુત્ર હતા. અને બીજા મંડિત.

પિતાના નામ અને ગામના નામથી જ બનેલા પોતાના નામવાળા ''મૌર્યપુત્ર'' નું પુરુ નામ હતું- શ્રી મૌર્યપુત્ર મૌર્ય કાશ્યપ. બ્રાહ્મણ કુલને સુલભ એવી વેદ વિદ્યાના અધ્યયનમાં તેઓ વ્યસ્ત થયા અનેક શાસ્ત્રોનો પાર પામ્યા. સિદ્ધહસ્ત વિદ્વાન થયા. અધ્યાપનના વ્યવસાયમાં જોડાઇને તેમણે અનેક બ્રાહ્મણ પુત્રોને તૈયાર કરી સરસ્વતીપુત્ર બનાવ્યા એમ તેઓ ૩૫૦ શિષ્યોના અધ્યાપક ગુરુ બન્યા.

દેશ -પરદેશમાં શાસ્ત્રાર્થ સભામાં હાજરી આપતા. અને પોતાની ઉપસ્થિતિ તથા કંઠસ્થ વિદ્યાથી તેઓ સભાજનોને મંત્ર મુગ્ધ કરતા. કર્મકાંડી તરીકે પણ તેઓ યજ્ઞ-યાગાદિ અનુષ્ઠાનોમાં પણ જતા.


યોગાનુયોગ એક અપાપાપુરીમાં મંડાયેલા વિશાળ યજ્ઞમાં તેઓ સોમિલવિપ્રના આમંત્રણથી શિષ્યો સાથે ગયા. શંકાઓનું સમાધાન કરવાની સોનેરી તક સાંપડી છે. એમ સાંભળીને તેઓ પણ ભગવાન મહાવીર પાસે જવા ઉત્સુક થયા. અને પોતાના ૩૫૦ શિષ્યોના પરિવાર સાથે સમવસરણે આવ્યા.

વર્ષોથી યજ્ઞ-યાગાદિ કર્મકાણ્ડ કરાવતા છતા પણ અને મંત્રાદિનો જાપ નિત્ય કરતા છતાં પણ તેમને ક્યારેય દેવ-દેવીઓને જોયા નહોતા. એટલે આ યજ્ઞ-યાગાદિ ફકત મનઃશાન્તિ માટે જ છે કે શું? એટલે દેવ-દેવી કોઇ છે જ નહીં ? હોય તો આવે શા માટે નહીં ? વળી તેઓનું શરીર રહેઠાણ વગેરે કંઇજ દૃષ્ટિગોચર થતું નથી, એટલે આ શંકાના માટે તેઓ આજે પ્રભુ પાસે ખુલાસો કરવા આવ્યા હતા. ભગવાનને પ્રશ્ન પુછયો, પ્રભુ પાસે આવેલા મૌર્યપુત્ર પંડિતને પ્રભુ કહે છે કે, **''હે મૌર્યપુત્ર ! ''કો જાનાતિ માયોપમાન્ ગીર્વાણાન્ ઇન્દ્રયમવરુણ કુબેરાદીન્ ॥''** આ વેદપદોથી તું દેવોનું અસ્તિત્વ છે કે નહીં, એવી શંકાને ધારણ કરતો થઇ ગયો છે, કારણ કે એ પદોનો અર્થ-ઇન્દ્ર, યમ, વરુણ અને કુબેર, વગેરે માયા સ્વરૂપ દેવોને કોણ જાણે છે ? આ અર્થથી તને એવું થઇ ગયું છે કે ઇન્દ્ર, યમ, વરુણ, કુબેર વગેરે દેવો માયારૂપ છે ખરેખર દેવો નથી, પરંતુ **''સ એષ યજ્ઞાયુધી યજમાનો અંજસાસ્વર્ગલોકં ગચ્છતિ''** આ વેદપદોનો અર્થ - યજ્ઞરૂપ હથીયારવાળો તે આ યજમાન વેગથી સ્વર્ગલોકમાં જાય છે, એવો છે. તેથી આ વેદપદો દેવોનું અસ્તિત્વ સૂચવનારા છે. તેમ પ્રત્યક્ષ રીતે તું આ સમવરસણમાં આવીને બેઠેલા દેવોને દેખે છે. તેથી દેવોના અસ્તિત્વ વિષે શંકા રાખ નહીં. વેદપદોમાં જે માયાસમાન દેવોને જણાવવામાં આવ્યા છે તે દેવો નિત્ય દેવ તરીકે રહેનારા નથી, એ દેવ થયેલાઓને પણ ત્યાંથી ચ્યવીને બીજી ગતિમાં જવું પડે છે. બીજા જીવો સારા કાર્ય કરીને દેવો થાય છે. તેથી એ વેદપદો દેવોની પણ અનિત્યતાને સૂચવનારાં છે. પ્રભુનાં આવા વચન સાંભળી સંશય નાશ પામવાથી પ્રતિબોધ પામેલા મૌર્યપુત્ર સાડાત્રણસો શિષ્યો સાથે વિનીતભાવે પ્રભુચરણમાં નમી પડ્યા અને પ્રભુ પાસે દીક્ષા લઇ પ્રભુના શિષ્ય થયા અને પ્રભુ પાસેથી ત્રિપદી પામી એમણે દ્વાદશાંગીની રચના કરી.

દેવતાઓને પ્રત્યક્ષ જોઇ મૌર્યપુત્રે મહાવીર ઉપર શ્રદ્ધાને દઢ કરી. સમ્યક્ત્વ પામ્યા. અને ૬૫ વર્ષની વૃદ્ધ વયે પણ પોતાના ૩૫૦ શિષ્યો સાથે જીવન વીરપ્રભુના ચરણે સમર્પિત કરીને સાચા સાધુ બન્યા. ત્રિપદી પામ્યા. સ્યાદ્વાદ ની દૃષ્ટિથી સર્વ તત્વ સમજાઇ ગયું. શ્રી વીરપ્રભુના સાતમા ગણધર થવાનું માન મળ્યું અને દ્વાદશાંગીની ૧૪ પૂર્વોની રચના કરી. ૩૫૦ શિષ્યોનો ગણ સંભાળનારા તેઓ ગણી હતા.

ચોથા આરામાં જન્મેલા અને ભગવાન મહાવીર કરતા પણ ઘણી મોટી ઉંમરવાલા શ્રી મૌર્યપુત્ર વજ્રઋષભનારાચ સંઘયણ તથા સમચતુરસ્ર નામનું સંસ્થાન ધરાવતા હતા. એમણે પણ ૩૦ વર્ષનું ચારિત્ર પર્યાય પાળ્યું. અને તેમાં ૧૪ વર્ષ સુધી છદ્મસ્થ રહ્યા. ત્યાર પછી તેમને ઉંમરના ૭૯ વર્ષની વૃદ્ધવયે કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત થયું. સર્વજ્ઞ બની તેઓશ્રી ૧૬ વર્ષ સુધી આ પૃથ્વીને પાવન કરતા વિચરતા રહ્યા. અનેક ભવ્યાત્માઓને તાર્યા.

૯૫ વર્ષની અંતિમ ઉંમરે તેઓશ્રી રાજગૃહી પધાર્યા. અને છેલ્લે ૧ મહિનાના નિર્જલ ઉપવાસની સંલેષણા પૂર્વક પાદપોપગમન અનશન કરી ભગવાન મહાવીરની હયાતીમાં જ નિર્વાણપદ -મોક્ષ - પામી સદાને માટે સ્થિર બન્યા. નિરંજન-નિરાકાર બન્યા.





નૈવેદ્ય પૂજા

અક્ષત પૂજા

# (લઘુ સંગ્રહણી) જૈન ભૂગોળ

- આ. હરિભદ્રસૂરિ મ.

જંબુદ્વીપના પર્વતોનો કાંઇક પરિચય કર્યા પછી હવે આપણે આગળ પર્વતોના શિખરોનો અભ્યાસ કરીશું એની જાણકારી મેળવવા પ્રયત્ન કરીશું.

**सोलस वक्खारेसु चउ चउ कूडा य हुंति पत्तेयं । सोमणस गंधमायण, सत्तट्ठ य रुप्पि महाहिमवे ।।१३।।**
**चउतीस वियड्ढेसु, विज्जुप्पहनिसढ नीलवंतेसु । तह मालवंत सुरगिरि, नव नव कूडाइ पत्तेयं ।।१४।।**
**हिमसिहरिसु इक्कारस, इय इगसट्ठीगिरिसु कूडाणं । एगत्ते सव्व धणुं, सय चउरो सत्तसट्ठी य ।।१५।।**

**અર્થ :-** સોળ વક્ષસ્કાર પર્વતોમાં દરેકને ચાર-ચાર શિખરો છે. સૌમનસ અને ગંધમાદનને સાત-સાત શિખરો છે, રુક્મિ તથા મહાહિમવંત પર્વતને આઠ આઠ શિખરો છે....૧૩.

ચોત્રીસ વૈતાઢ્ય, વિદ્યુત્પ્રભ, નિષધ, નીલવંત તથા માલ્યવંત અને મેરુ પર્વત એ દરેકની ઉપર નવ-નવ શિખરો છે....૧૪

હિમવંત અને શિખરી પર્વત (આ બે વર્ષધર પર્વત)ઉપર અગ્યાર શિખરો છે. એ પ્રમાણે એકસઠ પર્વતો ઉપર એકઠાં કરતાં કૂટોની સર્વ સંખ્યા ચારસો સડસઠ થાય છે.

મહાવિદેહ ક્ષેત્રમાં આવેલા ૧૬ વક્ષસ્કાર પર્વતો ઉપર દરેકને ચાર-ચાર શિખરો છે તેથી કુલ ૧૬×૪=૬૪ શિખરો છે.

દેવકુરુ અને ઉત્તરકુરુ પાસે રહેલા અનુક્રમે સૌમનસ અને ગંધમાદન પર્વત ઉપર સાત-સાત શિખરો છે તેથી કુલ ૨×૭ =૧૪ શિખરો છે. રુક્મિ અને મહાહિમવંત આ બન્ને વર્ષધર પર્વત ઉપર આઠ-આઠ શિખરો છે. તેથી કુલ ૨×૮= ૧૬ શિખરો છે.

ચોત્રીસ વૈતાઢ્ય, વિદ્યુત્પ્રભા, નિષધ, નીલવંત તથા માલ્યવંત અને મેરુપર્વત ઉપર નવ-નવ શિખરો છે તેથી કુલ ૩૯×૯ = ૩૫૧ શિખરો છે.

હિમવંત અને શિખરી પર્વત ઉપર અગ્યાર -અગ્યાર શિખરો છે તેથી કુલ ૨×૧૧=૨૨ શિખરો છે.

ઉપરોક્ત બધા શિખરો ભેગા કરતાં:- ૬૪+૧૪+૧૬+૩૫૧+૨૨ = ૪૬૭ કુલ શિખરોની સંખ્યા ૪૬૭ થાય છે.

(૧) આ બહુસંખ્ય શિખરો રત્નમય છે; ૩૪ વૈતાઢ્યના ત્રણ-ત્રણ શિખરો સુવર્ણમય છે તેથી ૧૦૨ શિખરો સુવર્ણમય છે. બાકીના ૩૬૫ શિખરો રત્નમય છે.

(૨) (અ) વૈતાઢ્ય પર્વતના ૩૦૬ શિખરો સવા છ (૬।) યોજન મૂળ વિસ્તાર અને ઉંચાઇ વાળા

છે. જ્યારે ઉપર એમનો વિસ્તાર ત્રણ યોજનથી કાંઇક અધિક છે.

(૨) (બ) વિદ્યુતપ્રભ -માલ્યવંત અને મેરુ પર્વત ઉપર એક-એક કૂટ સહસ્ત્રાંકકૂટ કહેવાય છે કારણ તે ૧૦૦૦ યોજન મૂળમાં વિસ્તાર તથા ઉંચાઇ ધરાવે છે. ઉપરનો વિસ્તાર ૫૦૦ યોજનનો છે. આ સહસ્ત્રાંકકૂટના નામ અનુક્રમે હરિકૂટ, હરિસહકૂટ અને બલકૂટ છે.

(૨) (ક) બીજા ૧૫૮ શિખરો મૂળમાં ૫૦૦ યોજન વિસ્તારવાળા તથા ઉપર ૨૫૦ યોજન વિસ્તારવાળા તથા ૫૦૦ યોજન ઉંચાઇવાળા છે.

(૩) બધા જ ૬૧ પર્વતો ઉપર છેલ્લું શિખર સિદ્ધકૂટ કહેવાય છે. આ સિદ્ધકૂટ ઉપર સિદ્ધાયતન (શાશ્વત જિન ચૈત્ય) છે. પ્રત્યેક સિદ્ધાયતનમાં મધ્યમાં ૧૦૮ પ્રતિમાજી (ઋષભાનન, ચંદ્રાનન, વર્ધમાન, તથા વારિષેણ જિનની ૨૭-૨૭) બિરાજમાન છે. સિદ્ધાયતનને પશ્ચિમ દિશામાં દ્વાર ન હોવાથી પૂર્વ-ઉત્તર -દક્ષિણ ત્રણ દિશાના ત્રણ દ્વારપર એક-એક ચૌમુખજી હોય છે. એના ૧૨ પ્રતિમાજી થાય છે. તેથી આ પ્રત્યેક સિદ્ધાયતનમાં કુલ (૧૦૮ + ૧૨ =૧૨૦) એકસો વીસ પ્રતિમાજી હોય છે. ૬૧ સિદ્ધાયતન હોવાથી એના કુલ પ્રતિમાજી ૬૧ × ૧૨૦ = ૭૩૨૦ થાય છે. આ બધા જિન પ્રતિમાજી ૫૦૦ યોજન ઉંચા હોય છે તથા તેમના વિવિધ અંગો વિવિધ રત્નોના બનેલા હોય છે. આવો ! આપણે આ શાશ્વત ચૈત્ય અને શાશ્વત પ્રતિમાજીને ભાવથી વંદના કરીશું

(૪) બીજા બાકી રહેલા ૪૦૬ શિખરો ઉપર એ એ પર્વતના અધિષ્ઠાયક દેવ-દેવીના સમચોરસ પ્રાસાદ હોય છે એ પ્રાસાદમાં તેઓ રહે છે.

## ગિરિકૂટોની સંખ્યા ગણત્રીની બીજી રીત

**चउ सत्त अट्ठ नवगे गारसकूडेहिं गुणह जहसंखं ।**
**सोलस दु दु गुणयालं, दुवे य सगसट्ठि सय चउरो ।।१६।।**

ચાર, સાત, આઠ, નવ, અને અગિયાર કૂટો વડે અનુક્રમે સોળ, બે, બે, ઓગણચાલીસ અને બે ને ગુણો એટલે ચારસો સડસઠ.

પૂર્વ ગાથાઓની વાત જ અહિં ટુંકમાં સમજાવવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ૪ × ૧૬ | = | ૦૬૪ | (વક્ષસ્કાર પર્વત) |
| ૭ × ૨ | = | ૦૧૪ | (સૌમનસ-ગંધમાદન) |
| ૮ × ૨ | = | ૦૧૬ | (રૂક્મિ - મહાહિમવંત) |
| ૯ × ૩૯ | = | ૩૫૧ | ( વૈતાઢ્ય-વિદ્યુત્પ્રભ, નિષધ, વિગેરે) |
| ૧૧ × ૨ | = | ૦૨૨ | (હિમવંત- શિખરી) |
| | | ૪૬૭ | |

# શ્રાવક દિનકૃત્ય ગુરૂ વંદન

## ગુરુની તેંત્રીસ આશાતના

જિન દર્શન-પૂજાના કર્તવ્યને પૂર્ણ કરીને શ્રાવક ઉપાશ્રયમાં ગુરુવંદન કરવા અવશ્ય જાય. ગુરૂવંદનના મહત્વ અને વિધિને જાણતાં પહેલા આપણે ગુરુની આશાતના જાણીને ટાળવા માટે સવિશેષ પ્રયાસ કરવો જોઇએ.

શાસ્ત્રમાં ગુરુની તેત્રીસ આશાતના બતાવવામાં આવી છે.સુજ્ઞ શ્રાવક તથા શિષ્યે ગુરુની આશાતના ટાળવી જોઇએ. ગુરુની તેત્રીસ આશાતના નીચે જણાવી છે.

(૧) ગુરુની આગળ ચાલે તો આશાતના થાય.
(૨) ગુરુની બે પાસે બરોબર ચાલે તો (અવિનય) આશાતના થાય.
(૩) ગુરુની નજીક પાછળ ચાલે તો પણ ખાંસી છીંક વગેરે આવે અને ગુરુ ઉપર સલેખમ બળખાનો છાંટો પડે તો આશાતના થાય.
(૪) ગુરુને પીઠ કરીને બેસે તો આશાતના થાય.
(૫) ગુરુને બે પડખે બરોબર બેસે તો આશાતના થાય.
(૬) ગુરુની પાછળ બેસે તો આશાતના થાય.
(૭) ગુરુની આગળ ઉભા રહેવાથી દર્શન કરનારને અંતરાય થાય તો આશાતના થાય.
(૮) ગુરુની બે બાજુમાં ઉભા રહેવાથી સમાસન થાય તે અવિનય છે તેથી આશાતના થાય
(૯) ગુરુની પાછળ ઉભા રહેવાથી આશાતના થાય.
(૧૦) આહાર-પાણી કરતાં ગુરુથી પહેલા ચાલુ કરે તો આશાતના થાય.
(૧૧) ગમનાગમનની ગુરુથી પહેલાં આલોયણા લે તો આશાતના સમજવી.
(૧૨) રાતે સુતા ગુરુ બોલે કે કોઇ જાગે છે ? ત્યારે પોતે કાંઇક જાગતા હોય છતાં આળસથી ઉત્તર ન આપે તો આશાતના લાગે.
(૧૩) ગુરુ કાંઇક કહેતાજ હોય તે પહેલાં પોતે બોલી ઉઠે તો આશાતના લાગે.
(૧૪) આહાર-પાણી લાવી પ્રથમ બીજા સાધુઓને કહી પછી ગુરુને કહે તો આશાતના લાગે.
(૧૫) આહાર-પાણી લાવી પ્રથમ બીજા સાધુઓને દેખાડી પછી ગુરુને દેખાડે તો આશાતના લાગે.
(૧૬) આહાર-પાણીની નિમંત્રણા પ્રથમ બીજા સાધુઓને કરી પછી ગુરુને કરે તો આશાતના લાગે.

(૧૭) ગુરુને પુછ્યા વિના પોતાની મરજીથી સ્નિગ્ધ મધુર આહાર બીજા સાધુને આપે તો આશાતના લાગે.

(૧૮) ગુરુને આપ્યા પછી સ્નિગ્ધાદિક આહાર વગર પૂછે ભોજન કરી લે તો આશાતના લાગે.

(૧૯) ગુરુનું બોલ્યું સાંભળ્યું અણ સાંભળ્યું કરી જવાબ ન આપે તો આશાતના લાગે.

(૨૦) ગુરુની સામે કઠોર કે ઉચ્ચસ્વરથી બોલે તો આશાતના લાગે

(૨૧) ગુરુના બોલાવ્યા છતાં પોતાના સ્થાનેથી બેસીને જવાબ આપે તો આશાતના થાય.

(૨૨) ગુરુએ કોઇ કાર્ય માટે બોલાવ્યા છતાં શું છે ? એમ ઉત્તર કરે તો આશાતના લાગે.

(૨૩) ગુરુ કાંઇ કરે તો તરત તમે જ કરોને ! એમ જવાબ વાળે તો આશાતના થાય.

(૨૪) ગુરુનું વ્યાખ્યાન સાંભળીને રાજી થવાને બદલે મનમાં દુઃખી થાય તો આશાતના લાગે.

(૨૫) ગુરુ કાંઇક બોલતા હોય તો તે પોતે વચમાં બોલવા લાગી જાય... ગુરુની વાત વિશેષ વિસ્તારથી કહે તો આશાતના થાય.

(૨૬) ગુરુ કથા કહેતા હોય તેમાં ભંગાણ પાડી પોતે વાત કહેવા માંડી જાય તો આશાતના થાય.

(૨૭) ગુરુની પર્ષદા ભાંગી નાંખે જેમકે હવે ગોચરીનો વખત થયો... હવે પડીલેહણની વેળા થઇ... એમ કહીને બધાને ઉઠાડી મુકે તો તેથી ગુરુનું અપમાન થાય અને આશાતના લાગે.

(૨૮) ગુરુએ કથા કહ્યા પછી પોતાનું ડહાપણ બતાવવા કથાને વિસ્તારથી બતાવે તો પણ ગુરુની આશાતના થાય.

(૨૯) ગુરુના આસનને પગ લગાડવાથી આશાતના થાય.

(૩૦)ગુરુના સંથારાને પગ લગાડવાથી આશાતના થાય.

(૩૧) ગુરુના આસન ઉપર બેસી જવાથી આશાતના થાય છે.

(૩૨) ગુરુથી ઉંચા આસનપર બેસાવાથી આશાતના થાય છે.

(૩૩) ગુરુથી સરખે આસને બેસે તો આશાતના થાય છે.

ઉપરોક્ત ગુરુની આશાતનાઓ જાણીને એમાંથી યથાશક્તિ બચવાનો પ્રયત્ન કરવો જોઇએ. ગુરુની આશાતના કરવાથી આત્મા અનંત સંસારમાં અનંત કાળ સુધી પરિભ્રમણ કરે છે... દુઃખને દુર્ગતિને પામે છે... જ્યારે ગુરુની આશાતનાથી બચીને આત્મા સદ્ગતિને પામે છે... અને ગુરુ ભગવંતના બહુમાનથી સદ્ગતિની પરંપરાને પામીને અંતે સિદ્ધિને વરે છે... આવો... આશાતનાથી બચીએ બહુમાન કરીએ... સદ્ગતિને અંતે સિદ્ધિને સાધીએ...

## ગુરુ વંદના

**गुरुवंदण महत्ति विहं । तं फिट्टा छोभ बारसावत्तं । सिर नमणाइ सुपढमं पुन्न खमासमणदुगि बिअं ।।१।।**
**तई अतु व दण दुगे । तत्थमिहो आइमं सयल संघे । बीयंतु दंसणीणय । पयढियाण च तइयतु ।।२।।**

ગુરુ વંદન ત્રણ પ્રકારે થાય છે.-

(૧) ફેટા વંદન (૨) થોભ વંદન અને (૩) દ્વાદશાવર્તવંદન.

બે હાથ જોડીને મસ્તક નમાવવાથી ફેટા વંદન થાયછે આ ફેટા વંદન સમસ્ત શ્રી સંઘને કરાય છે.

બે ખમાસણા દઇ ઇચ્છકાર સહ શાતા પુછીને અબ્ભુટ્ઠિયાના પાઠ સહિત વંદના કરવી ને થોભ વંદન કહેવાય છે. થોભ વંદન સાધુ-સાધ્વીજી ભગવંતને કરાય છે...

દ્વાદશાવર્ત વંદન ઇર્યાવહી પડીક્કમી; લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી,મુહપત્તી, વાંદણા આપીને વિધિપૂર્વક અબ્ભુટ્ઠીયો ખમાવી, રાઈઓ; દેવસિઓ આલોવવા પૂર્વક કરાય છે. દ્વાદશાવર્ત વંદન આચાર્ય, ઉપાધ્યાય વગેરે પદસ્થને જ કરાય છે. હાલ ગચ્છાધિપતિને આ વંદન કરવાનો વ્યવહાર છે.

## ગુરુને વંદન કરવાથી શું લાભ થાય ?

**नीआ मोअं खवे कम्मं । उच्चा गोअं निबंधए ।।**

**सिथिलं कम्मं गंठितु । वंदणेण नरो करे ।।**

ગુરુને વંદન કરવાથી પ્રાણી નીચ ગોત્ર ખપાવે છે... ઉચ્ચ ગોત્રનો બંધ કરે છે... નિકાચિત કર્મગ્રંથીને ભેદન કરતાં શિથિલ બંધનરૂપ કરી નાખે છે.

શ્રીકૃષ્ણ મહારાજાએ શ્રી નેમનાથસ્વામીને વંદન કરીને તીર્થંકર ગોત્ર બાંધ્યુ... ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરી.. સાતમી નરકનો બંધ શિથિલ કરી ત્રીજી નરકનું આયુષ્ય કરી નાખ્યું.

## દ્રવ્ય અને ભાવ વંદન

ગુરુ વંદનના બે પ્રકાર છે.-

(૧) દ્રવ્ય વંદન (૨) ભાવ વંદન

અંતરના ભાવ વગર ફક્ત સૂત્રનો પાઠ બોલીને વંદનનો વિધિ કરવો તે દ્રવ્ય વંદન છે. અંતરના બહુમાનથી વિધિ પૂર્વક વંદન કરવા તે ભાવ વંદન છે.

દ્રવ્ય વંદન કરતાં ભાવ વંદન વધારે લાભદાયી છે.

શીતલાચાર્યને વંદન કરવા એમના ચાર ભાણેજ સાધુઓ આવી રહ્યા હતા પણ ગામ બહાર જ સાંજ પડી જતાં ગામ બહાર જ રહ્યા. ત્યાં એક ભાણેજ મુનિને હર્ષના આવેશ પૂર્વક ગુરુ વંદનની ભાવના ભાવતાં ભાવતાં રાતે જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ... બાકીના ત્રણ ભાણેજ મુનિતો ઇર્ષ્યાથી બધાથી પહેલા વંદન કરવા જવા ઉતાવળ કરવા લાગ્યા... સવારના વહેલા ઉઠી જલ્દી તૈયાર થઇ શીતલાચાર્ય પાસે જઇ દ્રવ્ય વંદન કર્યું... ત્યાં ચોથા ભાણેજ મુનિ (કેવલી) આવ્યા, ત્યારે શીતલાચાર્યને પૂછ્યું- ''સ્વામી ! અમારા ચાર જણાના વંદનમાંથી વધારે લાભ કોને થયો ?'' શીતલાચાર્યે કહ્યું- ''જે છેલ્લા આવ્યા એમને '' ત્યારે નવાઇ પામતાં ત્રણે ભાણેજ મુનિ કહે છે- ''આમ કેમ ?'' ત્યારે ગુરુ શીતલાચાર્યે કહ્યું- ''એમને તો રાતે જ વંદનની ભાવના ભાવતાં ગામ બહારજ કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થયેલ છે.''

ત્યાં ત્રણે મુનિ ઉઠીને કેવલી મુનિને વંદન કરી ખમાવે છે. ભાવથી વંદન કરતાં ત્રણે મુનિ કેવળજ્ઞાનને પામે છે..

## ગુરુનું બહુમાન -

**अभ्युथानं तदालोके । भियनं च तदागमे ।।**
**शिरस्य जलिसंश्लेष: । स्वयमासन ढोलकनं ।।**

આચાર્યાદિ ગુરુ ભગવંતોનું સવિશેષતાથી બહુમાન સાચવવાની વાત સમજાવતાં કહે છે-

આચાર્યાદિકને આવતા દેખીને ઉભા થવું, સન્મુખ જવું, મસ્તકે અંજલિબદ્ધ પ્રણામ કરવો, તેઓને આસન આપવું તથા તેઓના બેઠા પછી જ તેઓની સન્મુખ વિનય પૂર્વક બેસવું.


વિનય પૂર્વક એટલે કેવી રીતે બેસવું તે જણાવતાં કહે છે-

**पर्यस्तिका अवष्टंम । तथा पाद प्रसारणं ।।**
**विकथा प्रबलं हास्यं । वर्जयेद्ररू सन्निधौ ।।**

પલાંઠીવાળીને; થાંભલા કે ભીંતનો ટેકો લઇને, પગ પસારીને, વિકથા કરતાં, અધિક હાસ્ય કરતાં ગુરુ પાસે ન બેસવું. વિશેષતાથી જણાવતાં કહે છે - ગુરુને બરોબર પડખે બેસવાથી, ગુરુથી આગળ બેસવાથી, ગુરુને પીઠ કરીને બેસવાથી, ગુરુ આગળ પગ ઊપર પગ ચડાવીને બેસવાથી તથા લાંબા પગ કરીને બેસવાથી પણ ગુરુની આશાતના થાય છે. તેથી આ બધી આશાતના ટાળવી.

## ગુરુની દેશના કેમ સાંભળવી ?

નિંદા, વિકથાનો ત્યાગ કરીને મન-વચન-કાયાની એકાગ્રતા રાખી, હાથ જોડીને, ઉપયોગવંતા થઇને, ધ્યાન દઇને, ભક્તિ તથા બહુમાન પૂર્વકની ગુરુની દેશના સાંભળવી. આગમમાં બતાવેલ વિધિ મુજબ આશાતના તજવા માટે ગુરુથી સાડાત્રણ હાથ અવગ્રહ ક્ષેત્રથી બહાર રહી, નિર્જીવ સ્થાને બેસીને દેશના સાંભળવી...



**ફળ પૂજા**

# કર્મવિજ્ઞાન

(આધાર ગ્રંથ - ''કર્મ વિપાક'' (પ્રથમ કર્મગ્રંથ)

આ. દેવેન્દ્રસૂરિ મ.

## આયુષ્ય કર્મ

**सुर-नर-तिरि निरया ऽऽऊ, हडि-सरिसं नामकम्म चित्तिसमं ।**

**बायाल -ति-नवइ-विहं ति-उत्तर-सयं च सत्तट्ठी ।। २३।।**

ગાથાર્થ - દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકનું આયુષ્યકર્મ હેડ એટલે બેડી જેવું છે.

ચિતારા જેવું નામ કર્મ બેંતાલીસ, ત્રાણું, એકસો ત્રણ કે સડસઠ ભેદે હોયછે.

જે કર્મના ઉદયથી જીવ પોતાના નિયતભવમાં જીવી શકે. જ્યારે તે કર્મ પૂર્ણ થાય ત્યારે નિયમા મૃત્યુજ પામે. એવું જે કર્મ તે **આયુષ્ય** છે. તે આયુષ્ય કર્મ પગમાં નાંખેલી બેડી સમાન છે. આ કર્મ જીવને ભવમાં પકડી રાખનાર છે.

## આયુષ્ય કર્મ બે પ્રકારનું છે-

(૧) અપવર્તનીય એટલે કાળની અપેક્ષાએ ટુંકું થઇ શકે, તુટી શકે એવું.

(૨) અનપવર્તનીય એટલે કાળની અપેક્ષાએ ટુંકં ન થઇ શકે એવું.

લાંબો દોરડો હોય એને આપણે સીધું રાખીએ અને જો એના એક છેડે (દીપકની વાટની જેમ) બાળવામાં આવે તો ધીરે ધીરે બીજા છેડા સુધી બળેતો એને લાંબો સમય થાય પણ એજ દોરડાને જો ગુંચળુંવાળીને ભટ્ટીમાં નાખવામાં આવે તો અલ્પ સમયમાં બળી જાય.

એવી રીતે શાંતિપૂર્વક આયુષ્યની દોરી બળે તો જીવ લાંબા સમય સુધી જીવે તે **અનપવર્તનીય** આયુષ્ય છે. જે જેટલું છે તેટલું ભોગવાય.

પરંતુ જ્યારે અકસ્માત થાય, આત્મહત્યા કરે, અથવા અન્ય કોઇ બાહ્ય કારણથી લાંબા કાળ સુધી જીવ શકાય એવું આયુષ્ય પણ ગુંચળું થઇને અલ્પકાળમાં નાશ પામી જાય. પ્રદેશોની અપેક્ષાએ ભોગવાઇ જાય જ્યારે કાળની અપેક્ષાએ ટુંકુ થાય છે તે **અપવર્તનીય** આયુષ્ય કહેવાય છે.

આયુષ્ય કર્મ ચાર ભેદે છે-

**૧. દેવાયુ કર્મ -** પોતાના શરીરની સ્વાભાવિક કાંતિવડે જે દીપે તે દેવ. દેવગતિના કોઇ પણ એક ભવમાં જન્મથી મરણ પર્યંત ટકાવી રાખનાર કર્મ તે **દેવાયુ કર્મ** કહેવાય છે.

**૨. મનુષ્યાયુ કર્મ-** વસ્તુસ્થિતિને યથાર્થ સમજી શકે તે મનુષ્ય.મનુષ્ય ગતિના કોઇ પણ એક ભવમાં જન્મથી મરણ પર્યંત ટકાવી રાખનાર કર્મ તે **મનુષ્યાયુ કર્મ** કહેવાય છે.

**૩. તિર્યંચાયુ કર્મ** -તિર્ચ્છા ચાલે તે તિર્યંચ. બાહ્યથી તિર્ચ્છા (વાંકા) ચાલે અને અંદરથી વિવેકહિન વર્તન કરે. મન ફાવે ત્યાં મળ-મૂત્ર કરે, જ્યાં ત્યાં મોઢું નાંખે-આળોટે તેથી વિવેકહીન પ્રવૃત્તિવાળા તિર્યંચ છે. આવી તિર્યંચગતિના કોઇ પણ ભવમાં જન્મથી મરણ પર્યંત ટકાવી રાખનાર કર્મ તે **તિર્યંચાયુ કર્મ** કહેવાય છે.

**૪. નરકાયુ કર્મ** - મહાભયંકર પાપોને ભોગવવાનું સ્થાન તે નરક. તે નરકગતિના ભવમાં જન્મથી મરણપર્યંત ટકાવી રાખનાર કર્મ તે **નરકાયુ કર્મ** કહેવાય છે.

પ્રથમના ત્રણ આયુષ્યનો પુણ્ય પ્રકૃતિમાં સમાવેશ થાય છે. જ્યારે નરકાયુનો પાપ પ્રકૃતિમાં સમાવેશ થાય છે.

તિર્યંચગતિમાં દુઃખ છે છતાં ત્યાં જીવવાની ઇચ્છા છે પરંતુ નરકમાં તો અતિશય દુઃખ હોવાથી એમાંથી જલ્દી છુટવાના ભાવ જીવને થાય છે તેથી તે પાપ પ્રકૃતિ કહી છે.

## આયુષ્ય કર્મની વિચિત્રતાઓ -

આ કર્મનો ઉદય ચાલુ હોય ત્યાં સુધી આપણે ઇચ્છીએ તો પણ બીજી ગતિમાં જઇ શકતા નથી. ઇચ્છા ન હોય એવી ગતિમાં આ કર્મના ઉદયે જવું જ પડે છે.

બીજા સાતે કર્મ સમયે સમયે બંધાય છે. આ કર્મ સમયે સમયે ન બંધાતા ભવમાં એક જ વખત, ભવને ત્રીજે, નવમે અને સત્યાવીશમે ભાગે અથવા છેલ્લા અંતર્મુહૂર્તે બંધાય છે.

પ્રાયઃ આયુષ્યકર્મ પર્વ તિથિએ બંધાય છે (આઠમ, ચૌદશ, પુનમ, અમાવસ) તેથી પર્વને આરાધનામય બનાવીએ, વિરાધનાથી અટકીએ તો શુભ-શુદ્ધ ભાવમાં રમતા સદ્ગતિનું આયુષ્ય બંધાય.

આ કર્મ ઘટી શકે છે- એટલે તેની સ્થિતિનું અપવર્તન થાય છે- થોડા સમયમાં ભોગવી શકાય પરંતુ ઉદ્વર્તના ન જ થાય એટલે વધારી તો નજ શકાય.

## નામ કર્મ.

નામ કર્મ ચિતારા જેવું છે. એના ૪૨, ૯૩, ૧૦૩, અને ૬૭ ભેદ થાય છે.

નામ કર્મના ૪૨ ભેદ

**गइ-जाइ-तणु-उवंगा-बंधण - संघायणाणि संघयणा ।।**
**संठाण-वण्ण-गंध-रस- फास-अणुपुव्वि-विहग-गई ।।**

ગાથાર્થ - ગતિઓ, જાતિઓ, શરીરો અંગોપાંગો, બંધનો, સંઘાતનો, સંઘયણો, સંસ્થાનો, વર્ણો, ગંધો, રસો, સ્પર્શો, આનુપૂર્વીઓ, વિહાયોગતિઓ (નામ કર્મ અંતર્ગત આ ૧૪ પિંડ પ્રકૃતિઓ છે)

નામ કર્મના ૪૨ ભેદ નીચે મુજબ છે -

૧૪ પિંડ પ્રકૃતિ, ૮ પ્રત્યેક પ્રકૃતિ, ૧૦ ત્રસ દસક અને ૧૦ સ્થાવર દસક.

(૧૪+૮+૧૦+૧૦ = ૪૨)

## ૧૪ પિંડ પ્રકૃતિ

જે પ્રકૃતિના ૨-૩-૪ કે અધિક પેટા ભેદ હોય અથવા પેટા ભેદોનો પિંડ (સમુહ) તે **પિંડ પ્રકૃતિ** કહેવાય છે. આવી પિંડ પ્રકૃતિ ચૌદ છે. ચૌદ પિંડ પ્રકૃતિ નીચે મુજબ છે-

(૧) ગતિ નામ કર્મ (૨) જાતિ નામ કર્મ. (૩) શરીર નામ કર્મ (૪) શરીરાંગોપાંગ નામ કર્મ. (૫) શરીર બંધન નામ કર્મ (૬) શરીર સંઘાતન નામ કર્મ. (૭) સંઘયણ નામ કર્મ (૮) સંસ્થાન નામ કર્મ. (૯) વર્ણ નામ કર્મ (૧૦) ગંધ નામ કર્મ. (૧૧) રસ નામ કર્મ (૧૨) સ્પર્શ નામ કર્મ. (૧૩) આનુપૂર્વી નામ કર્મ (૧૪) વિહાયોગતિ નામ કર્મ.

## ૮ પ્રત્યેક પ્રકૃતિ

**पिंड-पयडि-त्ति चउदस, परघा उस्सास-आयवुज्जोयं ।**
**अ-गुरु लहु-तित्थ-निमिणोवघायमिअ अट्ठ पत्तेआ ।।२५।।**

ગાથાર્થ -એ ૧૪ પિંડ પ્રકૃતિઓ.

પરાઘાત, આતાપ, ઉદ્યોત, અ-ગુરુ-લઘુ, તીર્થ, નિર્માણ, ઉપઘાત એ આઠ પ્રત્યેક (પ્રકૃતિઓ જાણવી)

પ્રત્યેક એટલે એકેક જ. એમાં કોઇ બીજી પ્રકૃતિ ન ભળે. (૧) પરાઘાત નામકર્મ. (૨) ઉચ્છવાસ નામકર્મ. (૩) આતાપ નામકર્મ. (૪) ઉદ્યોત નામ કર્મ. (૫) અગુરુ લઘુ નામકર્મ. (૬) તીર્થંકર નામકર્મ. (૭) નિર્માણ નામકર્મ અને (૮) ઉપઘાત નામકર્મ.

### ત્રસ દશક

**तस-बायर-पज्जत्तं पत्तेय-थिरं सुभं च सुभगं च ।**
**सु-सरा-ऽईज्ज-जसं, तस दसगं, थावर-दसं तु इमं ।।२६।।**

ગાથાર્થ -ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય અને યશ ત્રસ દશક છે.(અને સ્થાવર દશક આ છે.......)

ત્રસ દશક નીચે મુજબ છે.-

(૧) ત્રસ નામકર્મ (૨) બાદર નામકર્મ (૩) પર્યાપ્ત નામકર્મ (૪)પ્રત્યેક નામકર્મ. (૫) સ્થિર નામકર્મ (૬) શુભ નામકર્મ. (૭) સુભગ નામકર્મ (૮) સુસ્વર નામકર્મ. (૯) આદેય નામકર્મ (૧૦) યશઃ નામકર્મ.

### સ્થાવર દશક

**थावर-सुहुम-अपज्जं साहारण-अथिर-असुभ-दुभगाणि**
**दुस्सर-ऽणाइज्ज-ऽजसमिअ नामेसेअरा वीसं ।।२७।।**

ગાથાર્થ -સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય અને અપયશ એ પ્રમાણે નામકર્મમાં ઇતર સાથે વીસ.

સ્થાવર દશકની દસ પ્રકૃતિઓ નીચે મુજબ છે-

(૧) સ્થાવર નામકર્મ (૨) સૂક્ષ્મ નામકર્મ. (૩) અપર્યાપ્ત નામકર્મ (૪) સાધારણ નામકર્મ (૫) અસ્થિર નામકર્મ (૬) અશુભ નામકર્મ (૭) દુર્ભગ નામકર્મ (૮) દુઃસ્વર નામકર્મ (૯) અનાદેય નામકર્મ અને (૧૦) અયશઃ નામકર્મ.

એ પ્રમાણે નામકર્મના સ્થાવર દશક અને ઇતર તે ત્રસ દશક સહિત ૨૦ થાય.

એમાં પરાઘાત વગેરે ૮ પ્રત્યેક પ્રકૃતિ ભેળવતાં કુલ ૨૮ પ્રત્યેક પ્રકૃતિઓ થાય તેમાં ૧૪ પિંડ પ્રકૃતિ ભેળવતાં ૪૨ પ્રકૃતિ થાય છે.

| | |
|---|---|
| **પિંડ પ્રકૃતિ** | **-૧૪** |
| **પ્રત્યેક પ્રકૃતિ** | **-૦૮** |
| **ત્રસ દશક** | **-૧૦** |
| **સ્થાવર દશક** | **-૧૦** |
| કુલ | **૪૨** નામકર્મના ભેદ થયા. |

## નામ કર્મ વિશેષ સંજ્ઞા

**तस -चउ थिर -छक्कं अथिर- छक्कं सुहुम-तिग थावर चउक्कं ।**
**सुभग-तिगा ऽऽइ विभासा तया-ऽऽइ-संखाहि पयडीहिं ।।२८।।**

ગાથાર્થ - ત્રસ ચતુષ્ક, સ્થિર ષટ્ક, અસ્થિર ષટ્ક, સૂક્ષ્મ-ત્રિક, સ્થાવર ચતુષ્ક, સૌભાગ્ય ત્રિક, વિગેરે વિભાષાઓ તે-તે પ્રકૃતિ આદિમાં રાખી હોય તેવી સંખ્યાવાળી પ્રકૃતિઓ વડે કરવી.

**ત્રસ ચતુષ્ક** આ વિભાષામાં બે શબ્દ છે- (૧) ત્રસ અને (૨) ચતુષ્ક. પ્રથમ શબ્દ પ્રકૃતિ સુચવે છે અને તે પ્રકૃતિથી માંડીને કેટલી પ્રકૃતિનો સમુહ લેવાનો તે સંખ્યા બીજા શબ્દમાં જણાવેલ છે.

ત્રસ = ત્રસ પ્રકૃતિ ચતુષ્ક = ચારનો સમુહ.

ત્રસ નામ કર્મથી માંડીને ચાર પ્રકૃતિઓનો સમુહ તે ત્રસ ચતુષ્ક. એટલે (૧) ત્રસ નામકર્મ (૨) બાદર નામકર્મ (૩) પર્યાપ્ત નામ કર્મ અને (૪) પ્રત્યેક નામકર્મ. એ ચાર પ્રકૃતિઓનો સમાવેશ ત્રસ ચતુષ્કમાં થાય છે. એ રીતે જ બીજી વિભાષાઓ સમજવાની છે.

**સ્થિર ષટ્ક -** ૧. સ્થિર ૨. શુભ ૩. સુભગ ૪. સુસ્વર ૫. આદેય ૬. યશ એ છ પ્રકૃતિ જાણવી.

**અસ્થિર ષટ્ક -** ૧. અસ્થિર ૨. અશુભ ૩. દુર્ભગ ૪. દુઃસ્વર ૫. અનાદેય અને ૬. અપયશ.

**સૂક્ષ્મત્રિક -** ૧. સૂક્ષ્મ. ૨. અપર્યાપ્ત અને ૩. સાધારણ.

**સ્થાવર ચતુષ્ક -** ૧. સ્થાવર ૨. સૂક્ષ્મ. ૩. અપર્યાપ્ત અને ૪. સાધારણ.

**સુભગ ત્રિક -** ૧. સુભગ. ૨. સુસ્વર અને ૩. આદેય.

આદિ શબ્દથી બીજી પણ દુર્ભગ ત્રિક વિગેરે સંજ્ઞાઓ જાણવી. જે પ્રકૃતિ કહી હોય તેથી માંડીને જેટલી સંખ્યા હોય તેટલી પ્રકૃતિઓ જાણવી.

**वन्न-चउ अगुरुलहु-चउ, तसा -इ दु ति चउर छक्क मिच्चाई ।**
**इअ अन्नावि विभासा तया, ऽऽइ संखाहि पयडीहिं ।। २९ ।।**

ગાથાર્થ- વર્ણ ચતુષ્ક, અગુરુ લઘુ ચતુષ્ક, ત્રસાદિ દ્વિક-ત્રિક-ચતુષ્ક ષટ્ક ઇત્યાદિક આ અને એવી બીજી પણ વિભાષા- પરિભાષાઓ-તે આદિમાં હોય તેવી સંખ્યાવાળી પ્રકૃતિઓ વડે થાય છે.

**વર્ણચતુષ્ક -** ૧. વર્ણ. ૨. ગંધ. ૩. રસ અને ૪. સ્પર્શ.

**અગુરુ લઘુ ચતુષ્ક -** ૧. અગુરુ લઘુ ૨. ઉપઘાત ૩. પરાઘાત અને ૪. ઉચ્છ્વાસ.

**ત્રસ દ્વિક-** ૧. ત્રસ ૨. બાદર

**ત્રસ ત્રિક-** ૧. ત્રસ ૨. બાદર અને ૩. પર્યાપ્ત.

**ત્રસ ચતુષ્ક -** ૧. ત્રસ ૨. બાદર ૩. પર્યાપ્ત ૪. પ્રત્યેક.

**ત્રસ ષટ્ક -** ૧. ત્રસ ૨. બાદર ૩. પર્યાપ્ત ૪. પ્રત્યેક ૫. સ્થિર ૬. શુભ

આવી અને બીજી જે વિશેષ સંજ્ઞાઓ, આગળ સૂત્રમાં કહેવાશે ત્યાં પ્રકૃતિના નામથી માંડીને તેટલી સંખ્યાવાળી પ્રકૃતિઓની વિભાષા સંજ્ઞા જાણવી.

## પિંડ પ્રકૃતિના ૬૫ પેટા ભેદ (નામકર્મના ૯૩ ભેદ)

**गइ-आईण उ कमसो, चउ पण पण ति पण पंच छ छक्कं ।**
**पण-दुग-पण ऽट्ठ चउ दुग इअ उत्तर भेय-पण-सट्ठी ।। ३० ।।**

ગાથાર્થ- ગતિ આદિના તો અનુક્રમે ૪-૫-૫-૩- ૫- ૫- ૬- ૬- ૫- ૨- ૫- ૮- ૪- ૨ એ પ્રકારે પાંસઠ ઉત્તર ભેદ છે.

ગતિ નામકર્મના ૪ ભેદ છે. બંધન નામકર્મના ૫ ભેદ છે. જાતિનામ કર્મના ૫ ભેદ છે. સંઘાતન નામ કર્મના ૫ ભેદ છે. શરીર નામ કર્મના ૫ ભેદ છે. સંઘયણ નામ કર્મના ૬ ભેદ છે. ઉપાંગ નામ કર્મના ૩ ભેદ છે. સંસ્થાન નામ કર્મના ૬ ભેદ છે. વર્ણનામ કર્મના ૫ ભેદ છે. સ્પર્શ નામ કર્મના ૮ ભેદ છે. ગંધ નામકર્મના ૨ ભેદ છે. આનુપૂર્વી નામકર્મના ૪ ભેદ છે. રસ નામ કર્મના ૫ ભેદ છે. વિહાયોગતિ નામકર્મના ૨ ભેદ છે.

૪+૫+૫+૩+૫+૫+૬+૬+૫+૨+૫+૮+૪+૨ = ૬૫

એમ કુલ પિંડ પ્રકૃતિના ૬૫ ભેદ છે.

## નામ કર્મની પ્રકૃતિઓની ૯૩-૧૦૩ અને ૬૭ સંખ્યા

**अड-वीस जुआ ति-नवइ संते, वा पनर-बंधणे ति-सयं ।**

**बंधण संघाण-गहा तणूसु सामण्ण-वण्ण-चऊ ।।३१ ।।**

ગાથાર્થ - અટ્ઠાવીસ ભેળવીએ એટલે ત્રાણું અથવા બંધનો પંદર ગણવાથી એક્સો ત્રણ સત્તામાં. બંધ અને સંઘાતન શરીરોમાં ગણી લઇએ અને સામાન્યથી વર્ણ ચતુષ્ક લઇએ (તો ૬ ૭ થાય)

## નામ કર્મની ૯૩ પ્રકૃતિઓ

ઉપરોકત ગાથા૩૦માં પિંડ પ્રકૃતિના ૬૫ ભેદ જણાવ્યા એમાં અઠ્યાવીસ પ્રત્યેક પ્રકૃતિઓ (૮ પ્રત્યેક +૧૦ ત્રસદશક+૧૦ સ્થાવર દશક) ભેળવીએ તો (૬૫+૨૮=૯૩) ત્રાણું પ્રકૃતિઓ નામ કર્મની થાય છે.

## નામ કર્મની ૧૦૯ પ્રકૃતિઓ

સત્તામાં પાંચ બંધન લીધા છે તે ઠેકાણે વિસ્તારથી પંદર બંધન લઇએ તો ૧૦ પ્રકૃતિ વધે તેથી (૯૩ + ૧૦ = ૧૦૩) એક સો ત્રણ પ્રકૃતિઓ નામ કર્મની થાય છે.

## નામ કર્મની ૬૭ પ્રકૃતિઓ.


નામ કર્મની ૧૦૩ પ્રકૃતિઓમાં ૧૫ બંધન લીધા છે તથા પાંચ ભેદ સંઘાતનના છે. આ ૨૦ પ્રકૃતિઓ શરીર બાંધીએ ત્યારે સાથે જ બાંધીએ છીએ એટલે એમને અલગ ન ગણતાં જો પાંચ શરીરમાં જ સમાવી લેવામાં આવે તો **એ વીસ પ્રકૃતિઓ ઓછી થાય છે.**

તેવી જ રીતે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ના ૨૦ ભેદ છે. તેમને જુદા ન ગણતાં જો વર્ણચતુષ્ક રૂપે ચારમાંજ સમાવી લેવામાં આવે તો **એ સોળ પ્રકૃતિઓ ઓછી થાય છે**. એટલે કુલ **(૨૦+૧૬=૩૬)** છત્રીસ પ્રકૃતિઓ ઓછી થાય છે.

જો નામ કર્મની એકસો ત્રણ પ્રકૃતિઓમાંથી આ છત્રીસ પ્રકૃતિઓ ઓછી કરવામાં આવે તો **(૧૦૩ - ૩૬ =૬૭) સડસઠ પ્રકૃતિઓ નામ કર્મની થાય છે.**



ચામર પૂજા



# વિરતિ પાટિકા

# ભોગ અને ઉપભોગ

જ્યાં જીવન છે ત્યાં ભોગ છે...

જ્યાં જીવન છે ત્યાં ઉપભોગ પણ છે....

એક જ વાર ભોગવવામાં આવે તે ઉપભોગ...

જે વસ્તુ વારંવાર ભોગવવામાં આવે તે પરિભોગ.

હા ! જ્યાં જીવન છે ત્યાં ભોગ અને ઉપભોગ હોય છે. પરંતુ જો ભોગ અને ઉપભોગ ઉપર આપણું નિયંત્રણ ન હોય તો આપણે પશુથી પણ બદત્તર જીવન જીવીએ છીએ. જીવનને સાચા અર્થમાં જીવવા માટે ભોગ અને ઉપભોગમાં મર્યાદા આવશ્યક નહિ પણ અનિવાર્ય છે.

માંસ -મદિરા જેવા તામસિક... લસણ-કાંદા જેવા તામસિક આહાર લેવાથી માનસિક વિકાર અને ક્રુરતામાં વૃદ્ધિ થાય છે. આવા પરિણામવાળા જીવો ધર્મ કરવા માટેની લાયકાત અને યોગ્યતા ગુમાવી બેસે છે. દયા, ક્ષમા, જ્ઞાન, વિવેકાદિનો નાશ થાય છે.

ઉપભોગમાં ઘર, દુકાન, વસ્ત્ર, દાગિના, ગાડી વિગેરેનો સમાવેશ થાય છે. જો આ બધામાં નિયમ ન હોય તો લોભ એને વધુને વધુ મેળવવા લાચાર બનાવે છે. આવો માનવી ધર્મને ભૂલીને વધુને વધુ ભોગ-ઉપભોગની સામગ્રી મેળવવા અધર્મના માર્ગે જવા તૈયાર થાય છે. અનેક પાપસ્થાનકોથી પોતાના જીવનને મલિન બનાવે છે. અશુભ કર્મો ઉપાર્જન કરી પાપના ભારથી ભારે થાય છે. આવો જીવ દુઃખ અને દુર્ગતિ સિવાય કશું જ પામી શકતો નથી.

ભવોભવમાં આપણે જે ભૂલો કરી છે તેમને સુધારવાની આપણને અહીં તક મળી છે. જો એ તકને ઝડપી લઈશું તોજ આત્મ કલ્યાણ સાધી શકીશું અન્યથા જીવન હારી જઈશું.

આપણા જીવન બાગને સુંદર બનાવવા...

આપણા શરીરને નિરોગી રાખવા...

વિષયો ઉપર કાબુ મેળવવા...

ચાલો ! ભોગ અને ઉપભોગમાં વિવેક લાવીએ... નિયમિત બનીએ...

એ માટે સાતમા ભોગોપભોગ વ્રતને અને એના અતિચારોને સમજવા પુરુષાર્થ કરીએ... એનો અર્થ વિચારીએ...

સાતમું ભોગપભોગ વિરમણવ્રત એ બીજું ગુણવ્રત બે ભેદે છે. તેમાં એક ભોગથી બીજું કર્મથી. તેમાં પણ ભોગના બે ભેદ છે. એક ઉપભોગ અને બીજો પરિભોગ. અહિં આહાર ફુલ-ફલ પ્રમુખ જે એકવાર

ભોગવીયે તેને ઉપભોગ કહીએ અને કપડા, ઘરેણાં પ્રમુખ જે વસ્તુ વારંવાર ભોગવીયે તે પરિભોગ કહિયેં.

હવે શ્રાવકે પ્રથમ ઉત્કૃષ્ટથી તો પ્રાસુક શુદ્ધમાન નિરવદ્ય આહાર લેવો જોઇએ પરંતુ જો તેમ ન બની શકે તો પણ સચિત્ત પરિહારિ તો અવશ્ય થવું જોઇએ. તે પણ જો ન થવાય તો પણ મદ્યાદિક અભક્ષ્ય વસ્તુ કે જેનું ભક્ષણ કરવામાં ઘણું જ પાપ છે તેનું ત્યાગ કરીને પ્રત્યેક મિશ્ર વસ્તુનું પ્રમાણ કરી લેવું જોઇએ. જે માટે કહ્યું છે કે તે નિરવદ્ય આહાર, અચિત્ત આહાર અથવા મિશ્ર આહાર કરતો ભલો શ્રાવક આત્માને રાખે.

(૧) **પ્રથમ સચિત્ત** વસ્તુનું પ્રમાણ કર્યું હોય કે આટલા સચિત્ત છૂટ તે ઉપરાંત ન ખાવું એવો નિયમ લીધા પછી અજાણતે અનાભોગથી છૂટ રાખેલી હદથી વધારે સચિત્ત લેવામાં આવે અથવા સચિત્ત પાણીના નિયમવાળાને ત્રણ ઉકાળા આવે ત્યારે અચિત્ત થાય તેને બદલે એક ઉકાડો આવે અને તેને અચિત્ત થયુ સમજીને પાણી વાપરે અથવા સચિત્ત વસ્તુને પકવતાં કાંઇ કાંચુ રહી જાય અને તેને અચિત્ત જાણી ખાય તો પ્રથમ **સચિત્ત આહાર** નામનો અતિચાર જાણવો.

**(૨) સચિત્ત પ્રતિબદ્ધ અતિચાર :-** રાયણ, બોર બીજ સહિત મુખમાં નાંખી ચુસ્યા હોય અર્થાત મોઢામાં ફળનો ઠડિયો મમળાવ્યા કરે, પાકી કેરી ચૂસે અને મનમાં વિચારે કે આ તો પાકુ ફલ છે તેને ચૂસું છું પણ એમાં ગોટલી સચિત્ત છે તેની સાથે પ્રતિબંધ છે તે વિચારે નહીં તેમજ ખેરના ઝાડની ગાંઠમાંથી ગુંદર ઉખેડી તત્કાલ તેને અચિત્ત સમજીને ખાય પણ એમ ન વિચારે કે ગુંદર તો અચિત્ત છે. પણ એને સચિત્તનો સ્પર્શ લાગેલો છે તેથી અભક્ષ્ય છે તે ઉપયોગ ન રાખે તો સચિત્તના નિયમ વાળાને બીજો અતિચાર લાગે.

**(૩) અપક્વૌષધિ :-** અણ ચાળ્યા (વગર ચાળેલા) લોટ પ્રમુખ, તેને અગ્નિ સંસ્કાર ન કર્યો હોય અને એમ ને એમ કાચો ફાકે, સિદ્ધાંતમાં તો કહ્યું છે કે આટો દળ્યા પછી પણ કેટલાક દિવસ સચિત્ત મિશ્ર રહે છે પછી અચિત્ત થાય તેને અચિત્તની બુદ્ધિયે ખાય તથા રોટલીમાં રહેલો કણ તે સચિત્ત છે, તેને અચિત્ત માની ભક્ષણ કરે તો ત્રીજો અતિચાર લાગે.

**(૪) દુઃપક્વૌષધિ :-** કાંઇક કાચા અને કાંઇક પાકા એવા ઉલા (લીલા ચણા) પોંક, ઉંબી, જુવારનો પોંક, ઇત્યાદિ સર્વજાતિના લીલા પોંક તેને અગ્નિસંસ્કાર થયો માટે અચિત્ત થયા એમ અચિત્તની બુદ્ધિયે કરી આહારે તો તેને ચોથો અતિચાર લાગે.

**(૫)તુચ્છૌષધિ :-** કાચી આંબલી, કાચા વાધરડા એટલે પાતલીયાં બીજવાળા બાવલીયાના આકાર વાલા જે પરડાં થાય છે તે તથા આંબાદિકના મહોર અને સૂક્ષ્મ કેરી એવી અસાર વસ્તુ કે તેને ખાવાથી તૃપ્તિ ન થાય અને ભૂખ પણ ભાંગે નહીં પરંતુ આરંભ ઘણો થાય અને પ્રસંગ દોષ પણ ઘણો લાગે માટે એવી ચીજનું ભક્ષણ કરે તો પાંચમો અતિચાર લાગે.

**સાતમાં ભોગોપભોગ વ્રતમાં -** એકવાર વપરાય એવી ભોગ વસ્તુઓનો અને વારંવાર વપરાય એવી ઉપભોગ વસ્તુઓનો નિયમ કરવાનો છે. એ વ્રત ભોજનથી અને કર્મથી એમ બે પ્રકારે છે તેમાં

ભોજન પ્રકારના ચૌદ નિયમો દરરોજ દિવસના અને રાત્રિના ધારીને પાળવાના છે. તે ચૌદ નિયમો કહે છે (૧) સચિત્ત વનસ્પતિ, પાણી વગેરેનું વજન અને સંખ્યાથી પ્રમાણ, (૨) દ્રવ્ય-ખાવાના પદાર્થોની સંખ્યા, (૩) વિગઇ-ઘી, તેલ, દૂધ, દહીં, ગોળ અને તળેલી ચીજો રૂપ છ વિગઇમાંથી અમુકનો ત્યાગ, (૪) પગરખાં, ચંપલ આદિની સંખ્યા, (૫) સુવાધાણા, એલચી આદિનું વજન, (૬) વસ્ત્રોની સંખ્યા, (૭) ફુલ, અત્તર, સુગંધી પદાર્થનું વજન, (૮) ગાડી, વિમાન, વહાણ આદિ વાહનની સંખ્યા, (૯) ખાટલા, શય્યા, આસન, આદિની સંખ્યા, (૧૦) વિલેપન કરવાની પીઠી, તેલ આદિનું વજન, (૧૧) બ્રહ્મચર્યની ધારણા, (૧૨) ચાર દિશા વિદિશામાં અને ઉંચેનીચે જવાનું પ્રમાણ, (૧૩) સ્નાન સંખ્યા, (૧૪) ખાવાપીવાની વસ્તુઓનું વજન આ ચૌદ નિયમ સવારમાં દિવસ માટે અને સાંજે રાત્રી માટે ધારીને પ્રતિજ્ઞા લઇને દરરોજ પાળવા.

સાતમા ભોગોપભોગ વિરમણ વ્રત સ્વીકાર કરવા આપણે નીચે મુજબ પ્રતિજ્ઞા કરવાની હોય છે-

**''હું સાત વ્યસન, બાવીસ અભક્ષ્ય, બત્રીસ અનંતકાય તથા પંદર કર્માદાનનો ત્યાગ કરું છું તથા યથાશક્તિ ચૌદ નિયમોનું પાલન કરીશ.''**

લીધેલા પચ્ચક્ખાણના સુંદર પાલન માટે નીચેના નિયમો આપણને સહાયતા કરે છે.-

## વ્યસન... અભક્ષ્ય... અનંતકાય સંબંધી નિયમો-

(૧) હું સાત મહાવ્યસન (૧) જુગાર (૨) શિકાર (૩) માંસ (૪) મદિરા(દારૂ) (૫) ચોરી (૬) પરસ્ત્રીગમન અને (૭) વેશ્યાગમનનો ત્યાગ કરીશ.

(૨) હું ઈંડા ખાઇશ નહીં, વેચીશ નહીં, ફોડીશ નહીં.

(૩) હું ઈંડા અથવા ચરબીવાળી ચોકલેટ-બિસ્કીટ-બોર્નવીટા વગેરે વાપરીશ નહીં.

(૪) હું શકિત આદિ માટે અભક્ષ્ય દવા વાપરીશ નહીં.

(૫) હું વડુ પિંપળ, ઔદુંબર, પ્લક્ષ અને કાકોદુંબર એ પાંચ વૃક્ષોના ફળ ખાઇશ નહીં.

(૬) હું પાન-તમાકુ-માવો-મસાલા-ગુટકા-સુપારી, તપકીર, બીડી, સિગરેટ, અફીણ, ચરસ, બ્રાઉનસૂગર, વગેરે ખાઇશ નહીં.

(૭) હું બરફ, આઇસક્રિમ,, ઠંડા પીણા, કુલ્ફી અને ફ્રીજના પાણીનો ત્યાગ કરીશ.

(૮) હું ગોલા (બરફના) ખાઇશ નહીં.

(૯) હું ઝેર (વિષ, અફીણ, સોમલ) ખાઇશ નહીં. કોઇને ખવડાવીશ નહીં અને વેંચીશ નહીં.

(૧૦) હું કોઇ પણ પ્રકારની માટી ખાઇશ નહીં.

(૧૧) હું રાત્રી ભોજનનો ત્યાગ કરીશ.

(૧૨) હું રાતે ઘરે જમ્યા પછી કાંઇ જ ખાઇશ નહીં.

(૧૩) હું દરરોજ ચોવિહાર કરીશ.

(૧૪) હું દરરોજ તિવિહાર કરીશ.

(૧૫) હું પાંચ તિથિ અવશ્ય રાત્રીભોજનનો ત્યાગ કરીશ.
(૧૬) સોળ પ્રહર (૪૮ કલાક) અથવા બે રાત્રિ વીત્યા પછીના દહીં-છાસ અથવા એમાંથી બનેલી કોઇ વાનગી વાપરીશ નહીં.
(૧૭) હું વાસી પદાર્થો ખાઇશ નહીં.
(૧૮) હું બોળ અથાણા વાપરીશ નહીં.
(૧૯) હું કોઇ પણ અથાણા ખાઇશ નહીં.
(૨૦) હું સારી રીતે ગરમ કર્યા વિનાના દુધ-દહિં-છાસ (ગોરસ) સાથે કઠોળ વાપરીશ નહીં (વિદળ ત્યાગ)
(૨૧) હું સીતાફળ, જાંબુ, ચણીયાબોર વગેરે તુચ્છ ફળ ખાઇશ નહીં.
(૨૨) હું રીંગણા ખાઇશ નહીં.
(૨૩) હું અજાણ્યા ફળ ખાઇશ નહીં.
(૨૪) હું બ્રેડ,પાંવ, ટોસ્ટ, ડબલરોટિ, સેન્ડવીચ, પાવભાજી વગેરે ખાઇશ નહીં.
(૨૫) હું હોટલમાં ખાઇશ નહીં.
(૨૬) હું બજારની -બહારની વસ્તુ ખાઇશ નહીં.
(૨૭) હું ઉભા ઉભા ખાઇશ નહીં.
(૨૮) હું કસ્ટર્ડ પાવડર વાપરીશ નહીં.
(૨૯) હું ફાગણ ચૌમાસી પછી ભાજી પાલો, કોથમીર, સુકો મેવો ખાઇશ નહીં.
(૩૦) હું અંકુર ફુટી નિકળેલા કઠોળ વાપરીશ નહીં.
(૩૧) હું ખાખરા, મિઠાઇ વગેરેનો કાળ બરાબર સાચવીશ.
(૩૨) હું દરરોજ આયંબીલના તપસ્વીઓની અનુમોદના કરવા એક લૂખી રોટલી જરૂર ખાઇશ.
(૩૩) હું પ્રતિદિવસ ઉણોદરી તપ કરીશ.
(૩૪) હું કોબી, ફલાવરના શાકનો ત્યાગ કરીશ.
(૩૬) હું સર્વ પ્રકારના અનંતકાય કંદમૂળનો ત્યાગ કરીશ.

**ચૌદ નિયમ સંબંધી નિયમો :-**

(૧) હું પ્રતિ દિવસ સચિત્ત વસ્તુનો ત્યાગ કરીશ.
(૨) હું દરરોજ......................થી વધારે સચિત્ત વાપરીશ નહીં.
(૩) હું કાચું મીઠું વાપરીશ નહીં.
(૪) હું દરરોજ ....................થી વધારે દ્રવ્ય (ખાવા-પીવાની વસ્તુ) વાપરીશ નહીં.
(૫) હું દરરોજ....................થી વધારે વિગઇ વાપરીશ નહીં. વિગઇ છ છે. દૂધ, દહીં, ઘી, ગોળ, તેલ, કડા (તળેલી વસ્તુ).
(૬) હું દરરોજ....................થી વધારે જોડી ઉપાનહ (ચપ્પલ, બૂટ, મોજા વિગેરે) પહેરીશ નહીં

(૭) હું દરરોજ....................ગ્રામથી વધારે મુખવાસ (સૂવા, વરિયાળી, ધાણાદાળ, સોપારી વિગેરે) ખાઇશ નહીં.
(૮) હું દરરોજ ...................જોડથી વધારે કપડા પહેરીશ નહીં.
(૯) હું દરરોજ...................ગ્રામથી વધુ વસ્તુ સુંઘીશ નહીં.
(૧૦) હું દરરોજ ................થી વધુ વાહનમાં બેસીશ નહીં.
(૧૧) હું દરરોજ.........થી વધારે બેસવા અને ઉંઘવા-સૂવા માટે આસન કે શય્યાનો ઉપયોગ કરીશ નહીં.
(૧૨) હું દરરોજ..................ગ્રામથી વધારે વસ્તુ શરીર ઉપર લગાડવા માટે (ચોપડવા) વાપરીશ નહીં. સાબુ, તેલ, પાવડર, ક્રિમ વગેરે.
(૧૩)હું દરરોજ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીશ.
(૧૪) હું દિવસે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીશ.
(૧૫) હું પાંચ તિથિ, પર્યુષણ પર્વ, આયંબીલની ઓળી વગેરે પર્વ દરમ્યાન સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરીશ.
(૧૬) હું દરરોજ ચારે દિશામાં...... કિ.મી. વધારે દૂર જઇશ નહીં.
(૧૭) હું દરરોજ................. થી વધારે વખત સ્નાન કરીશ નહીં.
(૧૮) હું દરરોજ ................કિલોથી વધારે ભોજન કરીશ નહીં.
(૧૯) હું દરરોજ ................ગ્રામથી વધારે મીઠું વગેરે પૃથ્વીકાય વાપરીશ નહીં.
(૨૦) હું દરરોજ..................ડોલથી વધારે પાણી વાપરીશ નહી.
(૨૧) હું દરરોજ ................થી વધારે લાઇટનો ઉપયોગ નહીં કરું.
(૨૨) હું દરરોજ.................થી વધારે ચુલા નહીં વાપરું.
(૨૩) હું દરરોજ..................થી વધારે પંખા નહી વાપરું.
(૨૪) હું દરરોજ..................થી વધારે એ.સી. નહીં વાપરું.
(૨૫) હું દરરોજ..................થી વધારે વખત ઝુલા ઉપર નહીં બેસું.
(૨૬) હું દરરોજ..................કીલોથી વધારે શાક-ફળ વગેરે ખાઇશ નહીં.
(૨૭) હું દરરોજ..................થી વધારે શસ્ત્ર નહીં વાપરું સુઇ-કાતર-ચાકુ, છરી, ચિપીયો, વગેરે.
(૨૮) હું દરરોજ..........થી વધારે લખવાના સાધન નહીં વાપરું. પેન, બોલપેન, પેન્સિલ, ચોક વગેરે.
(૨૯) હું દરરોજ.....................થી વધારે ખેતી / બગીચાના સાધનો નહીં વાપરું.
(૩૦) હું કારણ વિના રાત્રિસ્નાન કરીશ નહીં.
(૩૧) હું અઠવાડિયામાં એક જ દિવસ સાબુથી સ્નાન કરીશ.
(૩૨) હું શોખ ખાતર સેન્ટ, અત્તર આદિ સુગંધી દ્રવ્યો વાપરીશ નહીં.
(૩૩) હું ચટણી-અથાણા-કચુમ્બરનો ત્યાગ કરીશ.
(૩૪) હું સર્વ પ્રકારના મુખવાસનો ત્યાગ કરીશ.